# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા અગ્રણી કંપનીઓ સાથે એમઓયુ કરાયા

ગાંધીનગર, તા. ૬

૨૧ મી સદી માં શિક્ષણ એ રોજગાર લક્ષી અને ઉધોગ સક્ષમ તાલીમ અનુરૂપ હોય તે અત્યંત આવશ્યક છે. વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રી માં ચાલતા ટ્રેન્ડ એન્ડ કલ્ચર થી વાકેફ થાય, નવીનતમ ટેક્નોલોજી, કસ્ટમર ની વસ્તુ ખરીદ પસંદગીઓ અને ટેસ્ટ ની જાણકારી હોવી તેમ જ વૈશ્વિક મંચ પર પોતાના સંકળાયેલા ઉદ્યોગો નું ડેવલપમેન્ટ કરે તે ખુબ જરૂરી છે. અને આ તમામ પાસાઓ વિષે વિદ્યાર્થીઓ ને કોલેજ સ્તર પર ટ્રેનિંગ એન્ડ અનુભવ મળે તે હેતુ સર, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રયત્નો હાથ ધરાયા છે.



સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તાજેતરમાં કન્સલ્ટન્સી એન્ડ ટેસ્ટિંગ, સંયુક્ત પ્રોજેક્ટ્સ, વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ, સેન્ટર ઓફ એક્સેલન્સ, રિસર્ચ લેબ, વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓ માટે સ્ટાર્ટઅપ એસોસિએશન વગેરે ક્ષેત્રમાં વિવિધ અગ્રણી કંપનીઓ જોડે ૫૦ થી વધુ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MOU) પર હસ્તાક્ષર કર્યા હતા. જેમાં થ્રી(૩)ડી ટેક્નોલોજી - સિમેન્સ પ્લમ સોલ્યુશન, કાઈ ટેક્નોલોજી, રેપ્ચર બાયોટેક, સ્પાર્ક્સ ઓટોમેશન, માર્ક કન્સ્ટ્રક્શન, ફેનેસ્ટા, આશિષ બ્રિજકોમ, સનફ્લાય બીઝ્ટેચ, આર્શ પેડિક જેવી નામાંકિત કંપનીઓ જોડાયેલી છે.

નિમિષ દવે ,ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ હેડ જણાવે છે કે, શૈક્ષણિક અને ઈન્ડસ્ટ્રી વચ્ચેના તાલીમ અને રોજગાર અંગે જે અંતર જોવા મળી રહ્યું છે, તેને દૂર કરવા અમે ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમ, નિષ્ણાંત સત્રો, વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક કુશળતા માટે વિવિધ અગ્રણી કંપનીઓ સાથે એકેડેમિક એન્ડ ઈન્ડસ્ટ્રી કોલેબોરશન કર્યું છે. વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ ની મદદ થી તેમના તકનીકી તેમ જ પ્રેક્ટિકલ સ્કિલ્સ માં ખુબ જરૂરી બદલાવ લાવી શકે છે અને તે આજની સદી ની રોજગાર મેળવવા તથા બિઝનેસ ધપાવવા માટે એક તાતી જરૂરિયાત છે. આજના VUCA વર્લ્ડ માં સર્વાઈવ થવા માટે માત્ર કલાસરૂમ નું શિક્ષણ જરૂરી નથી પણ તે સાથે સાથે ઈન્ડસ્ટ્રી જોડે નું ગ્રાઉન્ડ લેવલ પ્રેક્ટિકલ જ્ઞાન ખુબ આવશ્યક છે.

આ એમઓયુ અંતર્ગત, હમણાં જ મિકેનિકલ એન્જિનિયરિંગ શાખા દ્વારા સીએઈ / એફઈએ મેકેનિકલ ઉદ્યોગમાં નવીનતમ ઉદ્યોગ વલણ પર એક દિવસીય વર્કશોપ યોજ્યો હતો, જ્યાં વિદ્યાર્થીઓ એ કેઆઈ ટેકનોલોજીસના નિષ્ણાતોને વિદ્યાર્થીઓ સાથે સંવાદ અને માર્ગદર્શન આપવા માટે આમંત્રણ આપ્યું છે.ઓનલાઈન વર્કશોપ માં મિકેનિકલ અને ઓટોમોબાઈલ એન્જિનિયરિંગના ૭૫ થી વધુ ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એન્જિનિયરિંગના ક્ષેત્રમાં ભવિષ્ય માં આવનારી માંગ અને ઈન્ડસ્ટ્રી રિવોલ્યૂશન પર વિદ્યાર્થીઓ વિવિધ સીએડી / સીએઈ સોફ્ટવેર પર ઈજનેરી ઉત્પાદનોની ડિઝાઈન સોલ્યુશન્સ પ્રદાન કરવામાં તકનીકી ડોમેન કુશળતાની વિશાળ શ્રેણી પર સમજ કેળવી હતી.

આવનારા સમય માં વિદ્યાર્થીઓ માટે વિવિધ તાલીમ કાર્યક્રમો, ઈન્ડસ્ટ્રી ઈન્ટર્નશિપ, નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન લેકચર્સ, ટેક્નોલોજી પર પ્રેક્ટિકલ તાલીમ વિગેરે સ્વર્ણિમ યુનિવર્સિટી દ્વારા આયોજન કર્યું હતું.

# સફળતાપુર્વક યોગ ટ્રેનિંગ પુર્ણ કરનાર યોગ કોચ અને યોગ ટ્રેનરને પ્રમાણપત્ર વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકાર રચિત ગુજરાત રાજય યોગ બોર્ડના માધ્યમથી યોગની પ્રવૃતિઓને વેગ આપી સમગ્ર રાજયમાં જન જન સુધી યોગનો પ્રચાર પ્રસાર થાય અને લોકોમાં યોગ અંગેનો માહોલ ઉભો થાય એ માટે યોગ અંગેની તાલીમ યોગ ટ્રેનરોને અને યોગ કોચને આપવામાં આવે છે.

જે અંતર્ગત સફળતાપુર્વક યોગ ટ્રેનિંગ પુર્ણ કરનાર યોગ કોચ અને યોગ ટ્રેનરને આવતીકાલ તા.૦૭મી ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાશે એમ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ની યાદીમાં જણાવાયુ છે.

- **આજે તા. ૦૭મી ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના વરદહસ્તે એમના નિવાસસ્થાને કાર્યક્રમ યોજાશે**
- **રાજયના તમામ જિલ્લાઓમાં કુલ ૧૨૬ યોગ કોચને તાલીમ અપાઈઃ તાલીમ પામેલ યોગ કોચ દ્વારા રાજયમાં ૫૦૦૦ થી વધુ યોગ ટ્રેનરોને તૈયાર કરાયા**

આવતીકાલે મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે યોજાનાર આ કાર્યક્રમ મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને યોજાશે. આ કાર્યક્રમમાં રાજયના સહકાર, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શ્રી શીશપાલ તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અગ્ર સચિવ શ્રી સી.વી.સોમ(આઈ.એ.એસ.), રમતગમત યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ અને ખાસ ફરજ પરના અધિકારી શ્રી મિતેશ પંડ્યા, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને અન્ય અધિકારીગણ પણ હાજર રહેશે.

ભારતીય સંસ્કૃતિની દેન યોગને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ગુજરાત રાજય યોગ બોર્ડ સતત કાર્યશીલ રહે છે. જે થકી ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતના તમામ જિલ્લામાં કુલ ૧૨૬ યોગ કોચને તાલીમ આપવામાં આવેલ છે અને તાલીમ પામેલ યોગ કોચ દ્વારા સમગ્ર રાજયમાં ૫૦૦૦ થી વધુ યોગ ટ્રેનરોને તૈયાર કરવામાં આવેલ છે. આ તૈયાર થયેલ યોગ ટ્રેનરો મારફતે અન્ય લોકો સુધી યોગની પ્રવૃત્તિઓ થાય અને લોકો યોગ કરતા થાય તે માટે યોગ કલાસ શરૂ કરી સતત પ્રયત્નો થઈ રહયા છે.

આ કાર્યક્રમનું મુખ્યમંત્રીશ્રીના ઓફિશિયલ ફેસબુક પેઈજ ઉપરથી સવારે ૧૧:૩૦ કલાકે લાઈવ કરવામાં આવશે. તેમજ આ કાર્યક્રમ વિડીયો કોન્ફરન્સ મારફતે દરેક જિલ્લા કલેકટર કચેરી કોન્ફરન્સ રૂમ ખાતે યોજાશે.

સમગ્ર ભારત દેશમાં ગુજરાત જ એક એવુ રાજ્ય છે કે જે યોગ જાગૃતતા અંગેનું અભિયાન ચલાવી રહ્યુ છે. ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં લોકોનો ભવ્ય પ્રતિસાદ સાંપડી રહ્યો છે. હવે મેડીકલ સાયન્સએ પણ સ્વીકારી લીધુ છે કે યોગ એ માત્ર શારીરીક વ્યાયામ નહી સંપુર્ણ ચિકિત્સા વિજ્ઞાન છે. હવે દરેક રોગોનું સમાધાન યોગથી શક્ય બન્યું છે, જેનાથી બીમાર વ્યક્તિને સારૂ સ્વાસ્થ્ય મળે છે અને સ્વસ્થ વ્યક્તિને સફળતા મળે છે. યોગ કરી ઈમ્યુનીટી વધારી કોરોનાને હરાવીએ. કોરાનાને હરાવવા માટે ઈમ્યુનીટી વધારવા માટે સારો ઉપાય એક માત્ર યોગ છે જે ભારતીય સંસ્કૃતિની દેન છે. જીવનમા સારૂ સ્વાસ્થ્ય, સફળતા અને સંપુર્ણ સુખોને પ્રાપ્ત કરવા માટેનું માધ્યમ યોગ છે. તો આવો આપણે સૌ યોગ સાથે જોડાઈયે અને યોગ કરી તંદુરસ્ત ભારતનું નિર્માણ કરીએ.

# જન્મદિને વધામણી



મનિષ આર પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



એંજલ રણજીતભાઈ ઘાંઘ્રેશા
મો. ૭૦૪૩૧ ૪૭૩૧૦



યુગ અશ્વિન પટેલ



ભાવેશકુમાર કે પટેલ
મો. ૯૪૨૮૯ ૪૪૧૮૮



વિશાલ આર શ્રીમાળી
મો. ૬૩૫૪૭ ૧૭૦૯૩

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# રામમંદિરના ભૂમિ પૂજનને વધાવવા ૨૧૦૦ દિવડા પ્રગટાવ્યા






ગાંધીનગર, તા. ૬

ગુજરાત ના પાટનગર ગાંધીનગર ખાતે દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ ના પ્રાંગણમાં રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર, સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર, આઈવેન્ટસ ઓર્ગેનાઈઝેશન ના સંયુકત ઉપક્રમે ભવ્ય દિપોત્સવ કરી ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ માં ૫૧ ફુટ લાંબા ભારતના નકશાની આકૃતિ અંદર રામ મંદિરની પ્રતિકૃતિ રજૂ કરવામાં આવી અને ૨૧૦૦ દિવડાની રોશનીથી આખા ભારતવર્ષના નકશાને ઝળહળતી રોશનીથી પ્રકાશિત કરવામાં આવ્યો. કાર્યક્રમમાં મહેમાન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકા ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સાહેબ, કડી કેમ્પસ ના પ્રોફેસર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ સાહેબ, દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ વાવોલના મેનેજીંગ ટ્રસ્ટી એમ.આર.પટેલ, ઉમેશ જહા, સમર્પણ ટ્રસ્ટના ટ્રસ્ટી રૂપસિંહ દાદા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ની અંદર મહેમાનના હસ્તે ભગવાન શ્રી રામચંદ્રજીની ૧૦૮ દિવડાની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું.

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં ઓનલાઈન રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં તા. ૧લી ઓગસ્ટ, ૨૦૨૦ને વિદ્યાર્થીઓ, વાલીમિત્રો અને શિક્ષક ભાઈ-બહેનોનાં સંયુક્ત પ્રયાસથી રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી.



શાળાના આચાર્યા શ્રીમતી નિવાબેન પટેલે વિદ્યાર્થીઓને બહેન દ્વારા બાંધવામાં આવેલી રાખડીની સુરક્ષા કવચ સાથે શાળાનાં બાળકો સુરક્ષિત રહે તેવી ગુરુભાવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શાળાની શિક્ષિકા બહેનોએ વિદ્યાર્થીઓને દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી સાથે સાથે ઓનલાઈન રાખી મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૪ જેટલા વિદ્યાર્થીઓએ સુંદર રાખડીઓનું સર્જન કર્યું હતું.

ભાઈ-બહેનના અતૂટ પ્રેમની પ્રતીતિ કરાવતા રક્ષાબંધનના પર્વની ઉજવણીના ભાગરુપે ટેકનોલોજીનાં માધ્યમથી ઉજવણીને વિશેષ મહત્ત્વ આપ્યું હતું. રેશમનાં તાંતણામાં ગજબની શક્તિ હોય છે જે ભાઈ-બહેનને પારસ્પરિક પ્રેમ અને લાગણીની પ્રતીતિ કરાવે છે અને વિદ્યાર્થીઓ તેને સહારે દીર્ઘાયુ બને તેવી ભાવના વ્યક્ત કરાઈ હતી.




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા ઓનલાઈન 'રાખડી કોમ્પીટીશનની' સ્પર્ધા રાખવામાં આવેલ હતી, જેમાં ધોરણ ૧ થી ૯ ના વિદ્યાર્થીઓએ ઘરે રહીને ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ વાલીની મદદ લઈને નવીન પ્રકારની રાખડીઓ બનાવી હતી અને પોતામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવીને ઉત્તમ રાખડીના નમુનાઓ પ્રદર્સિત કર્યા હતા જેના આધારે વિદ્યાર્થીઓને ધોરણ પ્રમાણે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. તદઉપરાંત શાળાના ટ્રસ્ટ્રીશ્રી તથા આચાર્યે ભાગ લેનાર અને ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



કિશોર કલાસીસ દ્વારા કલાસીસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પોતપોતાના ઘરે વૃક્ષારોપણ કરવા માટે જણાવવામાં આવ્યું હતું.જે સંદર્ભે રેડિયન્ટ સ્કૂલમાં અભ્યાસ કરતી વંશી શુકલ દ્વારા તેના ઘર પાસે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# કાવ્ય મહેફિલમાં ગીત, ગઝલ સાથે હાસ્યની વાત થાય, 'તો પણ ગમે..!'

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી એમની બેઠક દર મહિનાના બીજા રવિવારે અચુક મળે છે. કોરોના વૈશ્વિક મહામારીને કારણે અત્યારે સાહિત્યસભા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પણ એમની મહેફિલ સજાવી શકી છે. આ વખતે '... તો પણ ગમે..! શિર્ષક હેઠળ કાવ્ય મહેફિલ યોજાઈ રહી છે. સાહિત્યસભાની ઓગસ્ટ મહિનાની બેઠક અધ્યક્ષ સંજય થોરાતના અધ્યક્ષસ્થાને આયોજિત કરવામાં આવી છે. આ બેઠકમાં જાણીતા કવિ રમેશ પટેલ 'ક્ષ' એમની રચનાઓ પ્રસ્તુત કરશે. એમની ગીત ગઝલ સાથે હાસ્ય રચના સૌ સાહિત્ય પ્રેમીઓને અત્યંત પસંદ છે.




છે ફકીરી એ જ ઈજ્જત છે હવે,
જીવવાની એ જ લિજ્જત છે હવે!

જેવી અનેક રચનાઓ એમના સ્વરમાં સાંભળવાની સૌ સાહિત્ય પ્રેમીઓને ચોક્કસ લિજ્જત માણવા મળશે. ઝૂમ એપ્લિકેશન પર આયોજિત આ મહેફિલનું સંચાલન જાણીતા વાર્તાકાર કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવશે. ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી રમેશ ઠક્કરે સૌ સાહિત્ય પ્રેમીઓને હાજર રહેવા આમંત્રણ આપ્યું છે. કાવ્ય મહેફિલમાં આ વખતે લોકબોલીના સર્જક અનેક રસની રચનાઓ સંભળાવશે.

**સચેત રહો સુરક્ષિત રહો**



## પીડ પરાઈ ફાઉન્ડેશન દ્વારા રક્ષાબંધનના તહેવાર ઉજવાયો

પીર પરાઈ ફાઉન્ડેશન, અમદાવાદે રક્ષાબંધનના પવિત્ર પર્વ પ્રસંગે આંબલી ગામમાં આવેલા સુવર્ણ મંદિર વૃધ્ધાશ્રમ અને ભારતી આશ્રમ સરખેજ, અમદાવાદ ખાતે સતત ચૌથા વર્ષે વૃધ્ધાશ્રમમાં વસવાટ કરતી બહેનો પાસે રાખડી બંધાવી હતી અને તેમને ફળ, ભિસ્કીટસ અને નમકીનનાપેકેટ કીટનુ વિતરણ કર્યુ હતું અને ભેટ તરીકે નાણાં આપ્યાં હતાં. આ પ્રસંગે ભાવનાત્મક દ્રશ્યો જોવા મળ્યાં હતાં. રાખડી બાંધતી વખતે કેટલીક બહેનોની આંખો આંસુથી ભરાઈ આવી હતી. તેમણે પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે વર્ષોથી અમે અમારા ભાઈના કાંડા ઉપર રાખડી બાંધી નથી કે નથી અમારા ભાઈ અહીં અમારી ખબર પૂછવા આવતા. પીર પરાઈ ફાઉન્ડેશને છેલ્લા ૩ વર્ષથી આ કામગીરી કરી રહ્યુ છે. આવખતે કોરોનાને કારેં પ્રતિકાત્મક રીતે થોડી બહેનો મારફતે રાખડી બંધાવવામાં આવી હતી. બાકીની બહેનો માટેની ભેટ અને દક્ષિણા આશ્રમના સંચાલકોને આપવામાં આવી હતી. આ ઉપરાંત પીર પરાઈ ફાઉન્ડેશને રક્ષા બંધનના પર્વ પ્રસંગે ગરીબ વસતીમાં ફળનુ વિતરણ પણ કર્યુ હતું. વૃધ્ધાક્ષમની બહેનો પાસેથી રાખડી બંધાવવાના કાર્યક્રમમાં પીર પરાઈ ફાઉન્ડેશનના અધ્યક્ષ શ્રી શરદ અગ્રવાલ, પીડ પરાઈ ફાઉન્ડેશનના સભ્ય રાજીવ ગોયલ તથા મંથન ગર્ગ અને અક્ષત ગર્ગે ભાગ લીધો હતો.

# ગણપત યુનિવર્સિટીના 'સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ' દ્વારા ઓનલાઈન પેનલ-ડિસ્કશનનું આયોજન

ગણપત વિદ્યાનગર, તા. ૬

ગણપત યુનિવર્સિટીના 'સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ' દ્વારા ૧લી ઓગસ્ટના રોજ 'ઓનલાઈન પેનલ ડિસ્કશન'નું આયોજન કરાયું હતું. જેનો વિષય હતો : 'એન્ટરપ્રિન્યોરશીપ એઝ એ રિવોર્ડિંગ કેરિઅર.'

ગણપત યુનિ.ના દાતા - અધિષ્ઠાતા અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપત પટેલ, બકેરી એન્ડિનિયરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેકટર પવન બકેરી, એન્ટરપ્રિન્યોરલ ક્ષેત્રના વૈશ્વિક અગ્રણી અને વિશ્વકક્ષાના વક્તા તેમજ ડિજિટલ ઈનોવેટર - જર્મનીના મિ. ફ્રેંક સીગર, 'ફર્સ્ટ'નામની કંપનીના સીઈઓ અને આઈઆઈટી કાનપુરના નિખિલ અગ્રવાલ તેમજ ગણપત યુનિ.ની ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટના ડીન પ્રા. ડો. સૌરભી ચતુર્વેદી જેવા નિષ્ણાત મહાનુભાવોની બનેલી પેનલ દ્વારા આ વેબીનારમાં વિદ્યાર્થીઓને 'ઉદ્યોગ સાહસિકતા એ કેવી ફાયદાકારક - ઊંચું વળતર આપતી કારકિર્દી છે' - તેનો વિષે વિષદ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના ગ્રેજ્યુએટ સ્ટુડન્ટસ્ (સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ) આ ઓનલાઈન પેનલ - ડિસ્કન્શનમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. જેમને કયા કયા વ્યાપક ક્ષેત્રોમાં કેવી કેવી કારકિર્દી સુલભ છે એના વિષે પણ નિષ્ણાત અને અનુભવી મહેમાન મહાનુભાવો દ્વારા મૂલ્યવાન માહિતી - માર્ગદર્શન પુરા પાડવામાં આવ્યા હતા. ગણપત યુનિવર્સિટીના 'સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ' ના ચેરપર્સન પ્રો. રેમી મિત્રાએ આ સમગ્ર ઓનલાઈન ચર્ચા-સભાનું સંચાલન કર્યું હતું.




યુનિવર્સિટીના એન્ટરપ્રિન્યોર વિભાગ દ્વારા જેમનું 'ઉદ્યોગ સાહસિક' તરીકે કાળજીપૂર્વકનું ઘડતર થઈ રહ્યું છે એવા ઉભરતા વિદ્યાર્થીઓ સાથે આ જૂથ - ચર્ચામાં બહુ કિંમતી વિચારોનું આદાન-પ્રધાન થયું હતું, જેમાં ભારતમાં આજે બજાર - સ્થિતિ કેવી બની રહી છે? આજના અર્થતંત્રમાં ઉદ્યોગ સાહસિકોની શી પ્રસ્તુતતા છે? સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રિન્યોર માટે મહત્ત્વના બજાર ટ્રેન્ડ્સ, ખાસ કરીને ૨૦૨૦ના આ વર્ષમાં? ભારે મોટી સફળતા મેળવનાર ઉદ્યોગ - સાહસિકનું વ્યક્તિત્વચારિત્ર્ય કેવું હોય? વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટ અપ અને એન્ટરપ્રિન્યોરશીપ ક્ષેત્રે કારકિર્દીની કેવી કેવી તકો સુલભ છે? જેઓ પોતાનો જ કશોક ઉદ્યોગ-ધંધો શરૂ કરી 'એન્ટર પ્રિન્યોર' બનવા ઈચ્છે છે? જેવા વિવિધ મહત્ત્વના મુદ્દાઓ વિષે પોતાનો અભિપ્રાય આપતા નિષ્ણાંત મહાનુભાવ પવન બકેરીએ જણાવ્યું હતું કે, સંસ્કૃતિના વિકાસમાં નવું નવું કરનારા 'ઈનોવેટર્સ' અને ઉદ્યોગ સાહસિકો - એન્ટરપ્રિન્યોરનું બહુ મહત્ત્વનું સ્થાન છે. આજના સમયમાં 'એન્ટર પ્રિન્યોરશીપ' ની જરૂરિયાત છે. બહુ મોટી અને મહત્ત્વની છે કારણ કે આપણે સૌ વૈશ્વિક પડકારોનો સામનો કરી રહ્યા છીએ, અને એ માત્ર કોવિડ-૧૯ (કોરોના) ને કારણે નહીં, પરંતુ પર્યાવરણ સંબંધિત પડકારો પણ ખરાં! - જેણે પણ ઉકેલ માટે - વૈશ્વિક કક્ષાના ઉકેલ માટે પડકારો ઊભા કર્યા છે.